
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

SHRI ATMANAND PRAKASH



## ભોળાંનો ભગવાન

ભગવાન ભોળાંનો છે, નિખાલસનો છે, સત્યપરાયણનો છે, ઉસ્નાદ બુદ્ધિમાનોનો; રાજ્યદંડથી કે ભૌતિક સંપત્તિથી છકેલાઓનો કે પોતાની બુદ્ધિના અહંકારના શિલાલેખો કોતરાવનારનો નથી.

પૂજાની સામગ્રી કેટલી છે, કેવી છે તે ભગવાન જોતા નથી, એ તો પૂજા કરનારનું અંતઃકરણ જુએ છે. અભિમાનથી ધરેલા હીરામોતીના થાળ એક બાજુ રાખી, તે આત્મસમર્પણથી ધરેલાં, ફળ, ફૂલ, પત્ર કે અશ્રુનાં અસહાય બિન્દુને સ્વીકારી લે છે. ભગવાન ભાવના ભૂખ્યા છે. સોનારૂપાના કે બૌદ્ધિક કે ભૌતિક સંપત્તિઓના ઢગલાથી પ્રભુને ભાર લાગે છે.

આપણે પ્રભુને પામવા હોય તો તેને આપણે શું ધરવું જોઇએ તે ન વિચારવું જોઇએ, આપણે કેવા થવું જોઈએ એ જ વિચારવાનું છે. એ અંતર્યામી આપણે કેવા છીએ એ બરાબર સમજે છે, ને તે રીતે જ આપણને ફળ આપે છે.

શરણાગત

પ્રકાશકઃ-
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

પુસ્તક ૫૮
અંક
૫

ફાગણ
સં. ૨૦૧૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અ નુ ક્ર મ ણિ કા


| | | | |
|---|---|---|---|
| ૧ | સુભાષિત | | ૮૧ |
| ૨ | અંધારે વીત્યો જન્મારો | ( મુનીરાજ શ્રી લક્ષ્મીસાગરજી ) | ૮૨ |
| ૩ | દ્રવ્યનો ઉપયોગ | ( વિઠ્ઠલદાસ મૂ. શાહ ) | ૮૩ |
| ૪ | પુરુષાર્થને બધુ સુલભ છે ! | ( સા. બાલચંદ હીરાચંદ ) | ૮૮ |
| ૫ | શેઠ કસ્તુરભાઇ લાલભાઈને સન્માન પત્ર | ( શેઠ ડોસાભાઇ અભેચંદ ) | ૯૧ |
| ૬ | એ માર્ગે નહિ જાઉં | ( શ્રી ગોપાલ ધ્રુવ ) | ૯૩ |
| ૭ | દશ બાળકો ને બે કુમારિકાઓનું કુટુંબ | ( 'જૈન સંદેશ 'માંથી ઉધ્ધૃત ) | ૯૫ |
| ૮ | પ્રભુપ્રીત | ( શ્રી બાપુલાલ કાલિદાસ સંઘાણી ) | ૯૬ |


---


**રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝપેપર્સ ( સેન્ટ્રલ ) રૂલ્સ ૧૯૫૬ અન્વયે "આત્માનંદ પ્રકાશ" સંબંધમાં નીચેની વિગતો પ્રકટ કરવામાં આવે છે**

૧ **પ્રદ્ધિસ્થળ**—ખારગેટ, ભાવનગર

૨ **પ્રસિદ્ધિક્રમ**—દરેક મહિનાની પંદરમી તારીખ

૩ **મુદ્રકનું નામ**—હરિલાલ દેવચંદ શેઠ

**કયા દેશના**—ભારતીય, **ઠેકાણું**-આનંદ પ્રીન્ટીંગ પ્રેસ, ભાવનગર

૪ **પ્રકાશકનું નામ**—**શ્રી** જૈન આત્માનંદ સભાની વતી ખીમચંદ ચાંપશી શાહ ભાવનગર

**કયા દેશના** ભારતીય, **ઠેકાણું** ખારગેટ, ભાવનગર

૫ **તંત્રી મંડળ**—શ્રી ખીમચંદ ચાંપશી શાહ, શ્રી વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ, શ્રી હરિલાલ દેવચંદ શેઠ

**કયા દેશના**—ભારતીય, **ઠેકાણું**—શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર

૬ **સામયિકના માલિકનું નામ**—શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર

**અમો આથી જાહેર કરીએ છીએ કે ઉપર આપેલી વિગતો અમારી જાણ અને માન્યતા મુજબ બરોબર છે. તા. ૧૫-3-૬૧**


**ખીમચંદ ચાં. શાહ**

**વિઠ્ઠલદાસ મૂ. શાહ**

**હરિલાલ દે. શેઠ**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




વર્ષ ૫૮ મું ] ફાગણ તા. ૧૫-૩-૬૧ [ અંક ૫મો

## सुभाषित

अहंकारो धियं ब्रूते मा सुप्तं प्रतिबोधय ।
उत्थिते परमानन्दे न त्वं नाहं न वै जगार ॥

ભુજંગી છંદ

કહે છે અહંકાર હે બુદ્ધિ નારી,
સુતેલા પતિને જગાડો ન પ્યારી;
કદી ઊઠશે સચ્ચિદાનંદ એહ,
રહેશે ન તું જગી કે મુજ દેહ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અંધારે વીત્યો જન્મારો

(રાગ—દેખ તેરે સંસાર કી હાલત)

જૂઠી આ જંજાળમાંહી, હું અટવાયો કિરતાર!
ઉગારો હે ભવતારણહાર.

મોહમયી અટવીમાં મારો, તું હી એક આધાર;
ઉગારો હે ભવતારણહાર.

માયા મોહ તણો એ કયારો, લાગ્યો પ્રાણ થકી પણ પ્યારો
કુડ કપટનો લીધો સહારો, અંધારે વીત્યો જન્મારો
વ્યર્થ ગયો અવતાર પ્રભુ, મુજ ઉઘડ્યા લોચન દ્વાર
ઉગારો હે ભવતારણહાર—૧

નાશવંત આ કંચન કાયા, સ્વજન સંબંધી સૌ એ પરાયા
રાગ દ્વેષની સઘળે છાયા, લાગી જીવને આ સૌ માયા
સુખ દુઃખની ભ્રમણામાં રઝળ્યો, પ્રભુ હું અપરંપાર
ઉગારો હે ભવતારણહાર—૨

આંધિને વંટોળ ડરાવે, બીહામણાં મોજાં થથરાવે
તોફાની સાગર બીવરાવે, સદ્‌ગતિ કેરો પંથ ચૂકાવે
અવળે માર્ગે નાવ ચડી આ, મુંઝાયો બહુ વાર
ઉગારો હે ભવતારણહાર—૩


દીન દુઃખીયાનો તારણહારો, માર્ગ ભૂલ્યાનો તું સથવારો
ભવના સાગરે તું ઓવારો, પાપ સકલને સંહરનારો
ત્રાસ્યો હું એ પરિતાપોથી, ખૂંચે બહુ આ સંસાર
ઉગારો હે ભવતારણહાર—૪

દીન દયાળુ ભવ ઉગારી, જીવન નૈયા પાર ઉતારી
સંસાર કેરા પાપ હઠાવી, લક્ષ્મીસાગર લ્યો ઉગારી
કાવ્ય વાંચી, મનન કરજો, લેજો તેમાંથી સાર
હે માનવ! સફળ કરો અવતાર.
ઉગારો હે ભવતારણહાર—૫

રચયિતા:—મુનિરાજ શ્રી લક્ષ્મીસાગરજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# દ્રવ્યનો ઉપયોગ

અનુ. વિઠ્ઠલદાસ મૂ. શાહ

આજકાલ ઘણે ભાગે એવું જોવામાં આવે છે કે ધન, દ્રવ્ય અને સંપત્તિના સંબંધમાં અનેક લોકો અનેક પ્રકારના વિચાર ધરાવે છે. કેટલાક તો વૈરાગ્ય ધારણ કરીને કહી બેસે છે કે ધન અત્યંત ખરાબ વસ્તુ છે. તેનાથી અમુક અમુક હાનિ થાય છે. એટલા માટે તેને એક અત્યંત તુચ્છ અને ત્યાજ્ય વસ્તુ સમજવી જોઇએ. આમ કહેનાર લોકો દ્રાક્ષ ન મળવાથી તેને ખાટી કહેવાવાળા શિયાળની જેવા હોય છે. તેઓ *હૃદયથી તો 'ભજ કલદાર'*નો મહામંત્ર જપ્યા કરે છે, પરંતુ કાંઈ ન મળવાના કારણે લોકોને મૂળથી પોતાની ત્યાગવૃત્તિનો પરિચય કરાવે છે. એક પ્રકારના લોકો એવા હોય છે કે જેનો મત ઉક્ત મતથી બિલકુલ વિરુદ્ધ હોય છે. તેઓ કહ્યા કરે છે કે સંસારમાં માણસનો કોઈ સગો ભાઈ હોય તો તે કેવળ ધન–સંપત્તિ જ છે. તેઓનું મંતવ્ય એવું હોય છે કે વગર પૈસે આપણું કોઈ નાનામાં નાનું કાર્ય પણ થઈ શકતું નથી. તે એટલે સુધી કે ધન વગર આપણે ખાઈપી શકતા નથી, સૂઈ શકતા નથી, ચાલી શકતા નથી, બેસી શકતા નથી, શ્વાસ પણ લઈ શકતા નથી. એ સર્વ લોકો ધનની શક્તિનું વર્ણન કરવામાં અત્યુક્તિથી કામ લીધા કરે છે. પરંતુ વસ્તુસ્થિતિ એવી નથી. એ બન્ને પ્રકારના લોકોના મત ભ્રમમૂલક અને અજ્ઞાનથી પરિપૂર્ણ છે. સાચી વાત એ છે કે કોઈ કોઈ લોકો લાચારીથી કહ્યા કરે છે તેટલે દરજ્જે ધન તુચ્છ અને ત્યાજ્ય વસ્તુ નથી. તેમજ તે એટલી બધી વધારે મહત્વપૂર્ણ વસ્તુ નથી કે જેના મહત્વનું દિગ્દર્શન કરવા માટે લાંબી લાંબી વાતો કરવી પડે. હા, એટલું તો અવશ્ય માનવું પડશે કે ધનના વિષયમાં અપાત્રતા અને આળસજન્ય ઘૃણા રાખવાથી કામ ચાલે તેમ નથી. આપણે સ્વીકારવું જ પડશે કે ધન એક ઉપયોગી વસ્તુ છે. તેના વગર આપણું સાંસારિક જીવન દુઃખપૂર્ણ અને કષ્ટમય બની જાય છે. ઘણા લોકો ધનના દુઃખને લઈને નિરાશ બની જઈ સંસારને અસાર સમજવા લાગે છે. કેટલાક લોકો તો ધનાભાવને લઈને પોતાના ધનવાન પાડોશી સાથે ઘૃણાથી વર્તવા લાગે છે. જીવન–સંગ્રામમાં વિજય પ્રાપ્તિ કરવા માટે જે જે સાધનો નિયત થયેલા છે તેમાં અવસ્થાનુસાર ઉપયુક્ત ધન પણ અગત્યનો ભાગ ભજવે છે. ખરી વાત તો એ છે કે ધન વગર સંસારમાં મનુષ્યનું વ્યવહારિક જીવન શિથિલ અને નિરુપયોગી બની જાય છે. એટલા માટે એટલું ઉચિત છે કે આપણે આળસમય વિવાદોદ્વારા દ્રવ્યને તિરસ્કરણીય વસ્તુ ન ગણવી જોઈએ. પરંતુ સાચા અને ખુલ્લા દિલથી સંકોચ વગર એટલું માની લેવું જોઇએ કે ધન એક ઉપયોગી વસ્તુ છે. જેના અભાવથી મનુષ્યની દશા પાંખ વગરના પક્ષીની જેવી થાય છે.

પૈસાની ખાતર રાત દિવસ વધારે પડતી હાયવોય કર્યા કરવાથી શું પરિણામ આવે છે તે સૌ કોઈ જાણે છે. વધારે લોભ અને તૃષ્ણાના અનિષ્ટ પરિણામ કોઈથી અજાણ્યા નથી. તે સાથે એક બીજી વાત પણ ધ્યાન આપવા યોગ્ય છે. તે એ છે કે અધિક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધન પ્રાપ્ત થવાની સાથે અનેક વસ્તુની બીક રહ્યા કરે છે. ચિંતા પીછો છોડતી નથી, ચોરોના ભયથી રાત્રે નિદ્રા આવતી નથી, કુટુંબી જનોમાં ઝગડો ઉત્પન્ન થાય છે. વગેરે વગેરે. પરંતુ જો અધિક ધનની સાથે અનેક આપત્તિઓ લાગેલી છે તો વિચારવા જેવી વાત છે કે દરિદ્રતાની સાથે કેટલી ભયંકર આપત્તિઓ લાગી રહેલી છે. આ કહેવાનું કારણ એ છે કે ધન એક મહાન શક્તિ છે અને જ્યારે એ શક્તિની પ્રાપ્તિ થતાં પણ આપત્તિઓ આવી શકે છે ત્યારે તે શક્તિના અભાવમાં અર્થાત્ દરિદ્રતામાં તો તે કરતાં પણ વધારે અનર્થ બન્યા કરે '**धनक्षये दीव्यति जाठराग्निः**' અને '**छिद्रेष्वनर्था बहुली भवन्ति**'ના ઉદાહરણ હમેશાં દૃષ્ટિગોચર થાય છે. જો ધનની સાથે એક આપત્તિ રહેલી છે તો દરિદ્રતાની સાથે દશ આપત્તિઓ અવશ્ય રહે છે. જુઓ નિર્ધનતા કેટલા અનર્થ ઉપજાવનારી રાક્ષસી છે તેનું વર્ણન આપણા નીતિવિદોએ કર્યું છે કે

**दारिद्र्याद् ह्रियमेति ह्रीपरिगतः सत्वात्परिभ्रश्यते**
**निःसत्वः परिभूयते परिभवान्निर्वेदमापद्यते।**
**निर्विण्णः शुचमेति शोकनिहतो बुध्या परित्यज्यते**
**निर्बुद्धिः क्षयमेत्यहो निर्धनता सर्वापदामास्पदम् ॥**

અર્થાત્ દરિદ્રતાથી સંકોચ અને લજ્જા આવે છે, લજ્જાને લઇને ધૈર્ય ચાલ્યું જાય છે, ધૈર્યના ચાલ્યા જવાથી પરાભવ થાય છે, પરાભવ થવાથી ખેદ થાય છે, ખેદ થવાથી શોક અને પશ્ચાત્તાપ થાય છે, અને પશ્ચાત્તાપથી ક્ષય અર્થાત્ નાશ થાય છે. એ મુજબ દરિદ્રતા સર્વ આપત્તિઓની જનેતા છે એટલું જ નહિ પણ દરિદ્રતા, નિરાશા અને ઉદાસીનતાને પરસ્પર મિત્રતા છે. એ સર્વ એક જ સ્થળે નિવાસ કરે છે. દરિદ્રતા એક એવી વસ્તુ છે કે જેનો સ્વીકાર કરવાનું કોઇને પણ સારું લાગતું નથી. તેનો સ્વીકાર કોઇ મનુષ્ય લાચારીથી જ કરે છે. દરિદ્રતાથી દાસત્વ પ્રાપ્ત થાય છે અને વૃદ્ધાવસ્થામાં ધનહીન મનુષ્યો પોતાનાં કુટુંબ તથા મિત્રોને ભાર રૂપ બને છે.

એટલા માટે ધનને ઘૃણામુક્ત દૃષ્ટિથી જોવું જોઇએ નહિ. ઘૃણાયુક્ત દૃષ્ટિથી જોવા યોગ્ય વસ્તુ તો છે ધનની તૃષ્ણા–ધન તો બહુમૂલ્ય વસ્તુ છે ધનથી જ આપણા સદાચરણની–સત્યનિષ્ઠા, ન્યાયપ્રિયતા, ઉદારતા, મિત્રવ્યયિતા, દૂરદર્શિતા, પરોપકાર, આત્મત્યાગ વગેરેની પરીક્ષા થાય છે. એ રીતે ધનને હમેશાં બહુ મૂલ્ય વસ્તુ માનવામાં આવે છે, પરંતુ આજકાલ વિજ્ઞાન યુગમાં અને પાશ્ચાત્ય સભ્યતાની ઉત્તરોત્તર વૃદ્ધિ થવાને કારણે તેની ઉપયોગિતા પણ વધી ગઈ છે. સમય એવો આવી ગયો છે કે દ્રવ્ય વગર અનેક સદ્‌ગુણોનો વિકાસ થઈ શકતો નથી. વ્યક્તિવિષયક તેમજ રાષ્ટ્રીય જીવન–સંગ્રામમાં વિજય પ્રાપ્તિ અર્થે દ્રવ્ય એક મહાન સાધન થઈ પડેલ છે. સમાચાર પત્રો વાંચનાર જાણે છે કે યુરોપીય મહાભારત યુદ્ધમાં કરોડો રૂપિયા સ્વાહા થઈ જતા હતા. ખરી રીતે જોતાં એ યુદ્ધ યુરોપની આર્થિક શક્તિનો એક સારો નમુનો હતું. સારાંશ કે પ્રત્યેક મનુષ્યનું કર્તવ્ય છે કે તેણે પોતાના કુટુંબ, સમાજ, દેશ તેમજ રાષ્ટ્રના સાંસારિક સુખને માટે દ્રવ્યનો યથોચિત ઉપયોગ કરવો જોઈએ. તે માટે સૌથી સરળ રસ્તો એ છે કે પ્રત્યેક દશામાં આપણે આપણી આવક કરતાં ખર્ચ ઓછો કરવો જોઈએ માટે યાદ રાખવું કે ધનનો ઉચિત ઉપયોગ કરવામાં, ધન કમાવામાં, ખર્ચવામાં તથા બચાવવામાં કોઈ પણ મનુષ્યની વ્યવહારિક બુદ્ધિની પરીક્ષા થઇ શકે છે. ધનનો ઉચિત ઉપયોગ જ વ્યવહારિક બુદ્ધિની કસોટી છે.

દ્રવ્યના વિષયમાં આપણે ત્રણ બાબતોનો વિચાર રાખવો જોઇએ. (૧) દ્રવ્ય કયા અને કેવા ઉપાયોથી મેળવવું. (૨) કેવી રીતે ખર્ચવું. (૩) અને કેવી રીતે બચાવવું. દ્રવ્યોપાર્જનમાં સૌથી પહેલાં ધૈર્ય રાખવાની પરમ આવશ્યકતા છે. ધૈર્ય નહિ રાખવાથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માણસ લોભી બનીને તે માટે અનિષ્ટ કાર્યો કરવા તત્પર બની જાય છે. દ્રવ્ય પ્રાપ્ત કરવાનો બીજો મહત્વ-પૂર્ણ ઉપાય એ છે કે જરૂર પડે તો આપણે આપણા બાપદાદાની કાર્ય કરવાની પુરાણી અને નિરુપયોગી રીતિનો ત્યાગ કરવો જોઇએ. દ્રવ્ય પ્રાપ્ત કરવાનો ત્રીજો ઉપાય એ છે કે સર્વ કાર્યો દેશકાળની આવશ્યકતાને અનુકૂળ જ કરવા જોઇએ. ખર્ચ કરવામાં માણસે વધારે સાવધાન રહેવું જોઇએ, કેમકે તેના ઉપર જ તેનાં ભવિષ્યનો આધાર રહેલો છે. ખર્ચ કરવાની આપણને ત્રણ કારણોથી જરૂર પડે છે (૧) પ્રાણરક્ષા માટે (૨) પોતાની ઇજ્જત—આબરૂ કાયમ રાખવા માટે. (૩) કોઈ સત્કાર્ય કરવા માટે. એ સિવાય બીજા કોઈ હેતુથી ખર્ચ કરવામાં આવે તો તે અપવ્યય અથવા દ્રવ્યનો દુરુપયોગ કહેવાય. દ્રવ્ય બચાવવામાં પ્રથમ એટલું જોઈ લેવું જોઈએ કે આપણી સઘળી જરૂરિયાતો પૂરી પડી છે કે નહિ? કેટલીક વખત એવું જોવામાં આવે છે કે કેટલાક મનુષ્યો રૂપિયા લુંટાવી દઈને એક પૈસાનો મોહ કરે છે. આપણે કંઈને કંઈ બચાવવા પ્રયત્નશીલ રહેવું જ જોઇએ. એવો વિચાર ન કરવો જોઈએ કે આપણે હમેશાં ઘણું બચાવી શકતા નથી. કેટલાય ધનવગરના માણસો પાઈપાઈ બચાવીને ધનવાન બનેલા જોવામાં આવે છે. બીજું કાંઈ નહિ તો એટલો વિચાર અવશ્ય કરવો જોઈએ કે મનુષ્ય-શરીરની સાથે અનેક આપત્તિઓ લાગેલી છે અને તેથી થોડો ઘણો દ્રવ્ય સંચય કરવો જ જોઈએ, જે માણસ પોતાની સઘળી આવક ખર્ચી નાખે છે તેને વ્યવહારિક ભાષામાં મૂર્ખ કહેવામાં આવે છે કેમકે પોતાની જાતને જિંદગીભર દાસત્વમાં રાખવામાં તે પોતે જ સહાયક બને છે.

પૈસો એક અદ્દભુત શક્તિ છે એમાં જરાપણ સંદેહ નથી. ધનવાન મનુષ્ય વિદ્યાહીન હોવા છતાં અત્યંત પ્રભાવશાળી હોય છે, સમાજમાં તેની વાતો આદરણીય ગણાય છે. બુદ્ધિમાન મનુષ્ય પણ તેની હા માં હા મેળવ્યા કરે છે. કહ્યું છે કે

**यस्यास्ति वित्तं स नरः कुलीनः**
**स पंडितः स श्रुतिमान् गुणज्ञः ।**
**स एव वक्ता स च दर्शनीयः**
**सर्वे गुणाः कांचन माश्रयन्ते ॥**

અર્થાત્ જેની પાસે પૈસા હોય છે તે મનુષ્ય કુલીન, પંડિત, શ્રુતિમાન અને ગુણજ્ઞ ગણાય છે. તે મહાન વક્તા છે, અત્યંત દર્શનીય છે, કેમકે સઘળા ગુણો કાંચન એટલે પૈસામાં સમા-યેલા છે. નિર્ધન મનુષ્યની વાત તેના પોતાના ઘરમાં પણ કોઈ માનતું નથી. અને ધન-વાન મનુષ્ય બીજાના ઘરે જાય છે તો ત્યાં પણ તેનું દેવના જેવું સન્માન થાય છે. આથી સિદ્ધ થાય છે કે પૈસો એક મહાન શક્તિ છે. દ્રવ્યને અનેક અનર્થોનું મૂળ સમજીને ઘણા લોકો તેને ઘૃણા-યુક્ત દૃષ્ટિથી જુએ છે, પરંતુ એ તેઓની ભૂલ છે. અનર્થોનું મૂળ તો દ્રવ્યની તૃષ્ણા અને લોભ છે. દ્રવ્ય પોતે નથી. એટલા માટે વિદ્વાનોએ ધનને 'ઉત્તમ સેવક અને 'દુષ્ટ સ્વામી' ની સંજ્ઞા આપી છે.

પરંતુ આમ છતાં પણ ધનોપાર્જન કરવું એ આપણાં જીવનનું પરમ ધ્યેય નથી, તે આપણા જીવનના વિશિષ્ટ ઉદ્દેશનું કેવળ સાધન છે. ઘડીભર માની લઇએ કે આપણી પાસે અખૂટ સંપત્તિ થઈ ગઈ છે, પરંતુ આપણે રાત દિવસ તેની ઉત્તરોત્તર વૃદ્ધિ કરવાની ચિંતા કર્યા કહીએ છીએ, આપણને ખાવુંપીવું પણ નથી સૂઝતું અને શાંત નિદ્રા પણ નથી આવતી. તો એ ધર્મથી શો લાભ થવાનો! કંઈ પણ નહિ. કેવળ આપણે જિંદગીભર કષ્ટ ઉઠા-વવાનું જ રહેશે. ખાવા પીવાનું કે ખર્ચ કરવાનું આપણાથી બની શકશે નહિ છેવટે મધમાખીની જેવી દશા થાય છે તેવી આપણી દશા થશે. પશ્ચાત્તાપ સિવાય કાંઈ પણ હાથ નહિ લાગે. જિંદગીભર કાયાને કષ્ટ આપીને આપણે દોલત મેળવીએ, પરંતુ તેનો ઉચિત ઉપયોગ ન કરીએ તો પછી આપણી પાસે અખૂટ દોલત હોવાથી શો લાભ? જેમ બીજા મનુષ્યો મુઠીભર અનાજ ખાઇને જીવે છે તેમ ધનવાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લોકો પણ મુઠીભર અનાજથી જ જીવે છે. સાચું કહીએ તો ધનનું મહત્વ તેનો ઉચિત ઉપયોગ કરવાથી જ વધે છે કેમકે કહ્યું છે કે, " Surely use alone makes money not a contemptible stone."

જે પૈસાનો કોઈ પણ ઉપયોગ થતો નથી તે એક પથ્થર કરતાં વધારે નથી. જે દ્રવ્ય વડે આપણી પરાધીનતા નષ્ટ કરીને સ્વતંત્રતા પ્રાપ્ત કરી શકતા નથી તેમજ જે દ્રવ્ય વડે આપણે આપણા દારિદ્રય-પીડિત ભાઇઓના દુઃખ દૂર કરી શકતા નથી તથા જે દ્રવ્ય વડે આ સંસારના કોઈ પણ અંશને આપણે સુખી કરી શકતા નથી તેને શું કહેવું જોઇએ ? તેનું નામ પૈસો કે પથ્થર ? પૈસો એક એવી વસ્તુ છે કે જેના અભાવે આપણે બહુ દુઃખી થઇએ છીએ અને પૈસો કેવળ દુઃખો દૂર કરવા ખાતર જ મેળવવામાં આવે છે. જો આ સત્ય વાત હોય તો જે પૈસો મેળવ્યાથી આપણાં દુઃખો ઓછાં નથી થતા તેને પૈસો કહી શકાય નહિ. તે તો આપણા મસ્તક ઉપર એક પ્રકારનો બોજો છે. જે આપણાં મૃત્યુ પછી જ ઊતરી શકે છે. જે મનુષ્ય અઢળક દ્રવ્યનો સ્વામી છતાં તેનો કોઇ પણ પ્રકારનો સદુપયોગ કરતો નથી તે ધનવાન નથી, પરંતુ તે કોઈ વિશિષ્ટ જાતિ, દેશ કે રાષ્ટ્રનો કેવળ ગુમાસ્તો અથવા ખજાનચી છે. તે વિચારો જિંદગીપર્યંત દ્રવ્ય મેળવીને તેનો હિસાબ રાખે છે અને મૃત્યુ પછી તેનો ચાર્જ કોઈ બીજાને સોંપીને આ સંસારમાંથી વિદાય થઈ જાય છે. તેનું સમસ્ત જીવન દ્રવ્યનું રક્ષણ કરવામાં જ વ્યતીત થાયછે. આવા મનુષ્યોની સ્થિતિ અને જિંદગી અસંતશોચનીય છે.

અહિંઆ એક વાત ઉપર વિશેષ ધ્યાન આપવાની જરૂર છે. દ્રવ્યનો સદુપયોગ શું છે ? જ્યાં સુધી આપણે દ્રવ્યનો સદુપયોગ તથા દુરુપયોગનો તફાવત નથી સમજતા ત્યાં સુધી સંભવિત છે કે આપણે દ્રવ્યનો વ્યય કોઈ અનર્થકારી કાર્યોમાં કરવા લાગશું. જો આપણે દાન કરવું હોય તો પાત્રાપાત્રનો વિચાર અવશ્ય રાખવો જોઈએ. જો આપણે ભોજન કરવું હોય તો તેની પણ સીમા નિયત હોય છે. જે ખોરાક આપણને રોગી અથવા આળસુ બનાવી મૂકે છે તે નકામો છે. વસ્ત્રાભૂષણનો પણ વિચાર રાખવો જોઈએ. એવાં કપડાં કદી ન પહેરવાં જોઈએ કે જે આપણી સ્થિતિને પ્રતિકૂળ હોય અને જે પહેરવાથી આપણને કોઇ છેલછબીલા સમજે. અત્યારના હિંદુ સમાજમાં એવી અનેક કુરીતિઓ અને કુપ્રથાઓ ઘૂસી ગઇ છે કે જે સમાજનું લોહી ચૂસી ચૂસીને દિવસે દિવસે પુષ્ટ બની રહેલ છે. જ્ઞાનદૃષ્ટિના અભાવને લઇને લોકોમાં એટલું સાહસ નથી કે તેઓ એ બંધનો તોડી શકે. સખેદ કહેવું પડે છે કે જ્યાં સુધી એ કુરીતિઓ કુરિવાજો સમૂળગા નષ્ટ નહિ થાય ત્યાં સુધી હિન્દુ સમાજની ઉન્નતિ દૂર રહેશે કુરીતિઓને લઈ ને કોઈ પણ મનુષ્ય ઉન્નતિના માર્ગમાં આગળ વધી શકતો નથી. ઊલટું એને દેવું કરીને પોતાનું કામ ચલાવવું પડે છે. કેમકે તે એમ ઇચ્છતો હોય છે કે પોતાનાં કુટુંબીઓ પોતાને ધનવાન અને ઉદાર માન્યા કરે. એનું ફળ દ્રવ્યના અપવ્યય સિવાય બીજું શું હોઈ શકે ? આવી સ્થિતિમાં ઉચિત માર્ગ તો એ છે કે આપણે આપણી જરૂરિયાતો જેમ બને એમ ઓછી કરવી

આપણી આવક પ્રમાણે ખર્ચ કરવામાં મહાન બુદ્ધિમત્તાની જરૂર છે. જે મનુષ્યનો ખર્ચ આવક કરતાં વધારે હોય છે તે સત્યનિષ્ટ રહી શકતો નથી. એટલા માટે જે મનુષ્ય સચ્ચરિત્રતાની કિંમત સમજ્યો હોય છે તેને માટે જરૂરનું છે કે તેણે પોતાની આવક કરતાં વધારે ખર્ચ કદિ પણ ન કરવો જોઇએ. કેટલાક મનુષ્યો કહેતા હોય છે કે અમારી આવક ઓછી હોવાથી અમારે ખર્ચ વધારે થાય છે. પરંતુ એ તેઓની ભૂલ છે. સાચું તો એ છે કે તેઓની આવક જેટલી વધે છે તેટલે અંશે ખર્ચ કરવામાં તેમને સરળતા થાય છે કે જે પ્રમાણે આવક વધતી જાય છે તેનાથી વધારે પ્રમાણમાં તેની ખર્ચ કરવાની પ્રવૃત્તિ પણ વધતી જાય છે. એટલા માટે પ્રત્યેક મનુષ્યે એવી જાતના ખર્ચની પ્રવૃત્તિ રાખવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોઇએ કે જેથી તે કંઇને કંઈ બચાવી શકે. એ બચાવેલી રકમ ભવિષ્યમાં તેને ભારે મદદરૂપ થઈ પડે છે. વધારે દ્રવ્ય મેળવવામાં સુખ રહેલું નથી, સુખ તો ઓછો ખર્ચ કરવામાં તેમજ સંતોષ રાખવામાં રહેલું છે. સુખ પ્રાપ્તિ માટે માણસે સંયમી અને સ્વાર્થત્યાગી થવું પડે છે કેમકે સોના ચાંદીમાં એટલી શક્તિ રહેલી નથી કે તે મનુષ્યને માટે સ્વાસ્થ્ય કે આરોગ્ય ખરીદી શકે. મનુષ્ય જે કાંઈ કમાય છે તે એની આવક નથી. તેની ખરેખરી આવક તો તે જે કાંઈ બચાવે છે તે છે. કેટલાક લોકો કરકસરને ભૂલથી કૃપણતા સમજે છે, પરંતુ કરકસર એ કંજુસાઈ નથી. કરકસરનો અર્થ એ છે કે પોતાની સ્થિતિ તથા આવક અનુસાર અમુક હદ સુધી ખર્ચ કરવો. કરકસર એવો એક સદ્‌ગુણ છે, પરંતુ કૃપણતા દુર્ગુણ છે. મોટા ભાગના લોકોની ગરીબાઈ તથા પરાધીનતાનું એક મુખ્ય કારણ એ છે કે તેઓ નાની બચત કરવાનું તુચ્છ સમજે છે. જે માણસ દર મહિને બે અઢી રૂપિયા પણ બચાવી શકતો હોય છે તે વર્ષની આખરે પચીસ ત્રીસ રૂપિયાનો માલીક બને છે. પરંતુ જે માણસ પોતાની લોલુપતા પૂર્ણ કરવા ખાતર બે અઢી રૂપિયા વાપરી નાખે છે તે વર્ષની આખરે સયમી મનુષ્યની સરખામણીમાં ગરીબ જ છે

પરંતુ એક વાત હમેશાં ધ્યાનમાં રાખવાની કે જો કે પૈસો જરૂરી વસ્તુ છે તો પણ કેવળ પૈસાથી જ માણસનું જીવન સફળ થતું નથી. જે માણસમાં કોઈપણ માનસિક ગુણ નથી, જે માનસિક સદાચરણને તુચ્છ સમજે છે, જે હૃદયશૂન્ય તથા દયારહિત હોય છે તે માણસ ધનવાન હોય તો પણ કશા કામનો નથી. કેમકે તે પૈસાની એક મોટી થેલીથી વધારે નથી પૈસાથી પણ અધિક મૂલ્યવાન વસ્તુ માણસની યોગ્યતા અને શીલ છે, કેમકે નથી એનું કોઇ હરણ કરી શકતું અને નથી કોઇ એનો નાશ કરી શકતું. ઊલટું તેનાથી મનુષ્યમાં દ્રવ્યોપાર્જન કરવાની શક્તિ અને પાત્રતા આવે છે. ધનોપાર્જન કરવાની યોગ્યતા એ જ સાચું ધન છે. કેમકે મનુષ્યના દ્રવ્યનો નાશ થઈ જાય છે, પરંતુ તેની યોગ્યતાનો નાશ થતો નથી. એટલે જ કહેવામાં આવ્યું છે કે—

**न हि धनं धन मित्याहु र्धनमर्जन योग्यता।**
**हीयते हि धनं पुंसां योग्यता न तु हीयते॥**

એટલા માટે પહેલાં આપણે પાત્રતા પ્રાપ્ત કરવી જોઈએ, પછી દ્રવ્ય તો છાયાની માફક આપણને અનુસરશે જ.

આ લેખમાં બીજી કેટલીક જરૂરી બાબતો વિસ્તાર ભયથી લખવામાં આવતી નથી. પ્રત્યેક મનુષ્યે આવક ખર્ચનો બરાબર હિસાબ રાખવો, પોતાનાં જીવનને સંયમશીલ બનાવવું, દેવું કરવાથી બચતા રહેવું. વગેરે બાબતો અત્યંત મહત્વની છે. એવા ઘણા થોડા માણસો હશે કે જેમણે ઉક્ત બાબતોની અવગણના કરવાનું કુફલ નહિ ભોગવ્યું હોય. તેથી એ વિષે મારે વધારે લખવાની જરૂર જણાતી નથી. દેવું કરનાર અને અસંયમી પુરુષો સર્વ સ્થળે મળી આવે છે અને તેઓની દશા હંમેશને માટે શોચનીય જોવામાં આવે છે. એટલા માટે જે માણસ ભવિષ્યની આપત્તિઓથી બચવા માટે તથા સાચી સ્વતંત્રતા પ્રાપ્ત કરવા માટે કાંઈ પણ દ્રવ્ય સંચય કરવા ઇચ્છે છે તેણે સૌથી પહેલો પાઠ સંયમશીલ બનીને દેવું ન કરવાનો શીખવો જોઇએ. પ્રસ્તુત વિષયના સંબંધમાં એક અંગ્રેજ વિદ્વાન ગ્રંથકારના ઉપદેશનો સારાંશ લક્ષમાં રાખવા યોગ્ય હોવાથી અહિં આપવામાં આવે છે.

"પ્રમાણીકપણે ધનવાન બનવાનો પ્રયત્ન કરો, નહિ તો સંતોષપૂર્વક દરિદ્ર બની રહો. પૂરેપૂરી ખાતરી કરી લ્યો કે તમારું દ્રવ્ય પ્રમાણીકપણે અને ન્યાયથી મેળવાયું છે. જેણે પોતાના અંતઃકરણનો વિવેક ગુમાવી દીધો છે તે ખરી રીતે સંસારની સઘળી સારી વસ્તુઓથી વંચિત થઈ ચૂકયો છે. વિવેકની સાથોસાથ તમારા આરોગ્ય તરફ પણ ધ્યાન આપો. જે મનુષ્યની પાસે વિવેક અને સ્વાસ્થ્ય છે તે ખરેખર પ્રભુના કૃપાપાત્ર બની શકે છે. ત્રીજી વસ્તુ દ્રવ્ય–તેનો અનાદર ન કરો, પરંતુ એટલું હમેશાં સ્મરણમાં રહે કે મનુષ્ય જીવનમાં અઢળક ધન સંપત્તિ પ્રાપ્ત કરવાની કશી ખાસ આવશ્યકતા નથી.'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પુરુષાર્થને બધુ સુલભ છે !

લેખકઃ-સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, માલેગામ

આત્મામાં અનંત શક્તિ પ્રસુપ્તરૂપે રહેલી છે, એ સહુ કોઈ જાણે છે અને અનેક જાતના કર્મોને લીધે તે શક્તિ ઉપર આવરણો ચઢી ગએલા છે અને તેને લીધે એવી શક્તિ આપણામાં હોઈ શકે કે કેમ એની પણ આપણને શંકા થયા કરે છે. આપણામાં એવી શક્તિઓ છે અને તે આપણે ધારીએ તો પ્રગટ પણ થઈ શકે એટલો આત્મવિશ્વાસ આપણામાં જાગી જાય તો આપણે એ ગુપ્ત કે પ્રસુપ્ત શક્તિઓ પ્રગટ કરવા પ્રયત્નશીલ બનીએ અને એવો પ્રયત્ન આપણે શરૂ કરીએ અર્થાત્ પુરૂષાર્થ ફોરવીએ તો આપણે અણધારેલી સિદ્ધિઓ અનાયાસે પ્રાપ્ત કરી શકીએ એમાં જરાએ સંદેહ નથી. જેમ દીવો ઝળહળતો પ્રકાશમાન હોય પણ તેની આસપાસ આવરણો અને અવરોધો જ્યાંસુધી વિદ્યમાન હોય ત્યાંસુધી આપણે તે જોઈ શકતા નથી અને એવો દીવો હશે કે કેમ એની શંકા આપણને આવે છે. પણ યોગ્ય માર્ગે પુરૂષાર્થ ફોરવવામાં આવે છે ત્યારે તે અનાયાસે પ્રત્યક્ષ થાય છે. એટલે પુરૂષાર્થને બધી સિદ્ધિઓ સુલભ ભાસે છે. સુકાઈ ગએલા ઝાડના ઠુઠાને નહીં.

આપણાથી કાંઈ થવાનું નથી. એ તો મોટા જ્ઞાનીઓ અને પરાક્રમીઓનું કામ છે. આપણા જેવાનું એ કામ નથી. એવા નિર્માલ્ય અને પુરૂષાર્થહીન વચનો બોલનારાઓ માટે અમો કાંઈ કહેવા માંગતા નથી. કારણ એમના કર્મના આવરણો એટલા સજ્જડ અને નિબિડ છે કે એમનામાં આત્મવિશ્વાસ જાગવા માટે હજુ ઘણો કાળ જવાનો છે અને એમના બંધનો ટુટવા માટે ઘણા ઘણના ઘા કરવા પડશે. તે માટે તેમને તો કાળની રાહ જોવી પડશે. છતાં એમણે પણ થોડો ઘણો તો પુરૂષાર્થ કરવો જ પડશે અને એમ કરતા તેમને અલ્પ જેટલી ભલે હોય પણ સિદ્ધિ પ્રાપ્ત થયા વિના રહેવાની નથી. થોડા પ્રયત્નોથી થોડી સ્થિતિ પ્રાપ્ત થવા પછી કાંઈક આત્મવિશ્વાસ જાગવાનો સંભવ ઉપસ્થિત થવાનો જ અને પછી આપણે પણ કાંઈક કરીએ તો તેનું ફળ મળે છે. એમ ખાત્રી થતા આપણને વધુ પરાક્રમ કરવાની હીંમત આવી શકે તેમ છે.

કોઈપણ કામ કરવાને આપણે જ્યારે સમર્થ અને બલવાન બની જઈએ ત્યારે કોઈપણ વસ્તુ ભારે થઈ પડતી નથી. કહ્યું છે કે, **को हि भारः समर्थानाम्** । જે માણસ કોઈપણ કામ કરવા સમર્થ બની જાય છે, ત્યારે તેને કોઈપણ વસ્તુ ભારે થઈ પડતી નથી. આપણને જ્યારે પાશેર કે અડધો શેર ભાર પણ ઉપાડવો મુશ્કેલ કે ભારે થઈ પડે છે ત્યારે ઘણાઓ એવા હોય છે કે, કેટલાએક મણોનો ભાર તેઓ સ્હેજે ઉપાડી લ્યે છે જે કામ બે દિવસમાં પણ આપણે કરવું મુશ્કેલ લાગે તે જ કામ ઘડીના છઠ્ઠા ભાગમાં કરી નાખનારા આપણે જોઈએ છીએ. જે ગ્રંથો વાચવા ને સમજવા વરસો ગાળવા પડે તેના અનેક મૌલિક ગ્રંથો સમર્થ પુરૂષોએ થોડા જ વખતમાં લખી મૂકયા છે, એ પ્રત્યક્ષ આપણે જોઈએ છીએ. એ શક્તિ કે સામર્થ્ય એમનામાં કયાંથી આવ્યું ? જ્યારે તેઓ અશક્ય જણાતું કાર્ય સહજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવે કરી નાંખે છે ત્યારે આપણે પણ જો ઇચ્છીએ તો કેમ ન કરી શકીએ ? આપણો આત્મા અત્યારે સબલ નહીં લાગતો હોય છતાં એનામાં એ શક્તિ છે જ એ કબુલ કરવું પડશે. આત્મા તો બધા સરખી જ શક્તિ અને ગુણો ધરાવનારા છે. ત્યારે આપણે જ શા માટે પ્રયત્ન ન કરીએ. આપણે પણ ધારીશું તો બીજા ઉન્નત અને શક્તિશાલી આત્મા જેવા જ કાર્યો સફલ કરી શકીશું એમાં સંદેહ રાખી શકાય નહીં. માટે જ અમો કહીએ છીએ કે, ઉઠો ! ને પરાક્રમ ફોરવવા લાગી જાઓ। ફક્ત રોદણા રોવાથી તો આપણે સદાને માટે પાછળ જ રહી જવાના !

જેને વ્યવસાય કે વ્યાપાર કરી લક્ષ્મી મેળવવી હોય ત્યારે તે, હું મારું ઘર કેમ છોડું ? પરદેશમાં મારું કોણ ? હું પરદેશમાં શું કરી શકીશ ? એવા રોદણા રોતો બેશે નહી. **किं दूरं व्यवसायिनाम् ।** જે વ્યાપારીને દેશ કે પરદેશ ઘર આંગણુ જ લાગતું હોય, તે જ કાંઈ પણ કમાઈ જાય છે. માયકાંગલાઓ તો ઘર કેમ છોડાય ? એવા વિચારમાં ને વિચારમાં **तातस्य कूपोऽयमिति ब्रुवाणाः क्षारं जलं का पुरुषाः पिबन्ति ।** આ તો આપણા બાપદાદાનો કૂવો છે, એનું જ પાણી આપણે પીને રહેવું જોઇએ. બીજો કુવો આપણે ક્યાં શોધતા ફરીએ ? એવા વિચારથી ખારૂ પાણી જ પીતા રહેવુ જોઇએ. એવા એવા ખોટા વિચારો કરી આગળ વધતા અટકી પડે ત્યારે તેની ઉન્નતિ શી રીતે થવાની ? એનો પુરૂષાર્થ બહુ જ સુલભ થઈ જાય છે. જેને ધન જ કમાવવું છે, તેને પરદેશ પણ સ્વદેશ થઈ જવો જોઇએ. એવા પરાક્રમી માણસને રશિયા શું અને અમેરિકા શું ? જર્મની હોય કે ભલે જાપાન હોય, ફ્રાન્સ ને ચીન એના માટે તો ઘર આંગણું જ ગણાવુ જોઇએ -- પહેલા કાળમાં જ્યારે પ્રવાસના સાધનો સુલભ હતા નહીં ત્યારે વહાણિઆ ( વાણિયા ) પોતાનો વેપાર ખીલવવા માટે દુષ્કર એવો જોખમનો પ્રવાસ કરીને પણ પોતાનો વેપાર વધારતા. તેમજ જ્ઞાનીઓ પણ પોતાની જ્ઞાનપિપાસા બુઝાવવા માટે પરાકોટીનું દુઃખ વેઠીને પણ પોતાની ઇચ્છાપૂર્તિ કરી લેતા. પોતાના જ્ઞાનનો લાભ બીજાઓને આપી અન્યોનું જ્ઞાન આત્મસાત્ કરી લેતા અને જ્ઞાનાનંદનો અપૂર્વ લાભ મેળવી આત્મસાધના કરી લેતા. **साहसे श्री प्रतिवसति ।** સાહસ વિના લક્ષ્મીની આશા કરવી નકામી છે. ભલે પછી તે જ્ઞાનલક્ષ્મી હોય કે ધનલક્ષ્મી હોય ! અત્યાર સુધી જગતમાં જે જે જ્ઞાની અને ધની વખણાયા છે તેમને બધાઓને કપરા દિવ્યમાંથી પસાર થવુ પડેલુ છે, એ ધ્યાનમાં રાખવુ જોઇએ. ધર્મ પુરૂષાર્થ પણ એવો જ કઠણ હોય છે. પણ નિશ્ચય અને આત્મબળથી એને જ્ઞાની લોકો સુલભ કરી મૂકે છે. ધર્મના રક્ષણ માટે પોતાના શરીરનું બલિદાન આપનારા અનેક સંત મહાત્માના વખાણ શાસ્ત્રકારોએ મુક્તકંઠે કરેલા છે. બધામાં પુરૂષાર્થ એ જ મુખ્ય છે અને કોઈપણ કાર્યમાં સિદ્ધિ મેળવવા માટે પુરૂષાર્થ જ ફોરવવો પડે છે અને તેથી કોઈપણ પ્રથમ દર્શને કઠણ લાગતું કાર્ય સુલભ થઈ જાય છે.

પુરૂષાર્થની સાથે જો આપણે પ્રિય લાગે એવું બોલતા હોઇએ તો સોનામાં સુગંધ ભળી ગયા જેવુ થાય. જે માણસ મધુર અને જ્ઞાનયુક્ત બોલતો હોય તે ભલે ઘેરે હોય કે પ્રવાસમાં હોય, સ્વજનોમાં હોય કે પારકાઓની સોબતમાં હોય, દેશમાં હોય કે પરદેશમાં હોય એને તો ઘડીવારમાં કોઈ પારકા જણાય જ નહીં. તરત જ બધા મિત્ર થઈ જવાના ! અને અણધારેલી મદદ ગમે ત્યાંથી ઉભી રહેવાની ! પોતાની મીઠી વાણીના પ્રતાપે કોઈપણ પારકા એવા રહેવાના જ નહીં. મીઠી વાણી અને સંસ્કારિતા, જ્ઞાન અને મનની ઉદારતા એ એક જાતનો મોહિની મંત્ર છે. ગમે તેવા સ્થિતપ્રજ્ઞને પણ એ મંત્ર આકર્ષી શકે છે માટે જ આપણે કોઈપણ જાતનો પુરૂષાર્થ કરવા નિકળીએ ત્યારે મધુરવાણીના આ આકર્ષણ મંત્રને ચુકવુ નહીં જોઇએ

મીઠી મધુરી વાણી બોલવામાં કાંઈ આપણે ગુમાવવાનું હોતું નથી. કાંઈ પરિશ્રમ પણ કરવાના


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોતા નથી. ત્યારે આપણે મિષ્ટવચન શા માટે ન બોલતા રહીએ? પ્રભુ મહાવીર ભગવંતની સામે લડીને જીત મેળવવા માટે મહા પંડિત ઇંદ્રભૂતિ ગૌતમ આવેલા હતા એમના મનમાં તો પ્રત્યક્ષ શત્રુભાવ રમી રહેલો હતો એ કાંઈ જ્ઞાનચર્ચા કરવા માટે કે મનોવિનોદ માટે કે પ્રેમામંત્રણ માટે આવેલા ન હતા. પ્રભુ તેમની સામે કોઈ કઠોર શબ્દો બોલત કે તોછડાઇ બતાવત તો એમાં કોઈ જાતનું આશ્ચર્ય ન હતું તું ખોટો છે, અને તારો ધર્મ મિથ્યા છે, એમ બોલવામાં પણ પ્રભુને વાંધો ન હતો. તું યજ્ઞમાં પશુહિંસા કરે છે ને હું દયાધર્મી છું એમ બોલવાનો એમને અધિકાર પણ હતો જો સામ-સામી વાદાવાદી મંડાઈ હોત તોપણ જયનું પાસુ ભગવંત તરફજ ઝુકયુ હોત, એ નિર્વિવાદ છે. ત્યારે દયાનિધિ ભગવંતે ગૌતમ ઋષિ સામે એક પણ કડવો અક્ષર ઉચર્યો નહીં. ઉલટી અમૃત નિતરતી પ્રેમભરી વાણીથી તેમનું સ્વાગત કર્યું તેમનું કુશલ પુચ્છ્યું. અને જેમ કોઈ કુશલ વૈદ્ય દરદીનું ધ્યાન જાય તે પહેલાજ તેના અંગનું શલ્ય દૂર કરે અને હસતે મોઢે એનું સમાધાન કરે, તેમજ પ્રભુ મહાવીરે ગૌતમઋષિના મનમાં ખુંચી રહેલું શલ્ય દૂર કરી તેમને પોતાના મિત્ર તો શું પણ પ્રશંસક અને અનન્ય શિષ્ય બનાવે એ ઘટના શું બતાવી આપે છે? ફક્ત મીઠી અને મધુરી વાણી! ચંડકૌશિક જેવા પ્રત્યક્ષ કાળસ્વરૂપ નાગને પણ પ્રભુએ મીઠી વાણીથી જીતી લીધો હતો. ગોશાલકે પ્રભુને પીડા આપતા પાછુ વાળી જોયું ન હતું. તેને પણ પ્રભુની મીઠી વાણી અને શાંતતા આગળ નમવુજ પડયું. મતલબ કે પુરૂષાર્થની સાથે ક્ષમા અને મીઠી વાણી અજબ રીતે ફલદ્રુપ થાય છે. ત્યારે આપણે પણ તેનો ઉપયોગ શા માટે ન કરવો?

કોઈ એવી શંકા કરે કે, એવા કાર્યો તો પ્રભુ જેવા મહાન્ આત્માઓજ કરી જાણે! આપણું શું ગજુ! પણ સાથે સાથે એ પણ સમજી રાખવું જોઇએ કે, પ્રભુ તીર્થંકર જેવા મહાન્ આત્માઓ કયાંથી આવ્યા? એક વખત તેઓ પણ સામાન્ય કોટીના આપણા જેવાજ સામાન્ય આત્મા હતા. અને અનેક ભવોની સાધના પછી જ એઓ સફળ થયા હતા. ત્યારે આપણે હીંમત નહીં હારતા પરાક્રમ ને પુરૂષાર્થ શા માટે આરંભી દેવો નહીં. બધાઓને એ સદ્બુદ્ધિ જાગે એજ સદિચ્છા!



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઇને ભાવનગરના શ્રી જૈન સંઘ તરફથી તા. ૨૭-૨-૧૯૬૧ ને સોમવારના રોજ અપાયેલ

# સન્માનપત્ર

### માન્યવર શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈ

આજના આ મંગળમય પ્રસંગે શ્રી ભાવનગર જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક તપાસંઘ સમસ્ત તરફથી આપનું હાર્દિક સન્માન કરતાં અમને હર્ષ થાય છે અને આપની ધર્મસેવા, સમાજસેવા અને રાષ્ટ્રસેવા-રૂપી ત્રિવેણી અંગે અમારા ભાવભીના ઉદ્‌ગારો પ્રગટ કરવાની શાસનદેવની કૃપાથી આ તક મળી છે તે માટે અમો આનંદ અને ગૌરવની લાગણી અનુભવીએ છીએ

ધન્ય ધરણી સૌરાષ્ટ્ર ! એ સૌરાષ્ટ્રની ધરતી પર પોતાના કર્મ–ધર્મથી સુખ્યાત ભાવનગર શહેરને આંગણે આપના જેવા સુચરિત કર્મવીર–ધર્મવીરનું સન્માન એ અમને સોનામાં સુગંધ જેવો પુણ્યયોગ લાગે છે.

આદરણીય શેઠશ્રી ! ધર્મ તીર્થ અને સંઘ કળિકાળના એ ત્રણ કલ્પતરુઓની સેવામાં આપનો અમૂલ્ય ફાળો છે. આપે જૈન મંત્રીઓ અને જૈન શ્રેષ્ઠીઓની મહાન પરંપરા અનુસાર રાષ્ટ્રહિત સાથે સુસંગત રહીને આ બધી સેવાઓ હાંસલ કરી છે.

આ પ્રસંગે અમને આપના પ્રતાપી પૂર્વજોની યાદ આવ્યા વિના રહેતી નથી. ગુજરાત અને ભારતના ઇતિહાસમાં જેમનું પુણ્યનામ સુવર્ણાક્ષરે કોરાયેલું છે, તે મહાન શાંતિદાસ શેઠના આપ વંશ જ છો. પુણ્યશ્લોક શેઠશ્રી શાંતિદાસની સેવા અને સદાચારના નમૂનારૂપ આપના પૂ. પિતાશ્રી શેઠશ્રી લાલભાઈ સુધીનો ત્રણસો વર્ષનો ઇતિહાસ એ ગુજરાતનો–જૈન ધર્મનો ઇતિહાસ છે અને એ ઇતિહાસ યશ ને દાનથી ઉજ્જવળ છે.

ઉચ્ચકોટીની શિલ્પસ્થાપત્યકલાના ધામ સમા જૈન તીર્થો અને જિનમંદિરો દેશમાં ઠેરઠેર સ્થપાયેલાં છે. આ તીર્થો અને આ મંદિરો જેમ જૈન સંસ્કૃતિની યશકલગીરૂપ છે તેમ ભારતીય કલાસમૃદ્ધિમાં પણ એને ગૌરવભર્યું સ્થાન પ્રાપ્ત થયેલ છે. આવા અનેક જૈન તીર્થસ્થાનો અને જિનમંદિરોનો વહીવટ શેઠશ્રી આણંદજી કલ્યાણજીની પેઢી સંભાળી રહેલ છે. શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘનું પ્રતિનિધિત્વ ધરાવતી આ મહાન સંસ્થાનું પ્રમુખપદ સુયોગ્ય રીતે શોભાવી રહ્યા છો, એ હકીકત જેમ આપનું ગૌરવ સૂચિત કરે છે, તેમ એ સંસ્થાના ગૌરવને પણ સૂચિત કરે છે. શેઠ આ. ક. ની પેઢીનો અને આપનો આવો સુયોગ થવો એ સંઘનું સદ્‌ભાગ્ય છે. આ સંસ્થાદ્વારા સકળસંઘને આપની ઉચ્ચતમ વહીવટી શક્તિ અને સમજણનો અમૂલ્ય લાભ મળ્યો છે અને હજુ પણ વધુ અને વધુ મળતો રહેશે

આપશ્રીમાં કળા પ્રત્યેની જે ઉચ્ચ અભિરુચિ અને કલાકૃતિઓનું મૂલ્યાકન કરવાની જે વિરલ શક્તિ છે તેને લીધે જૈન તીર્થો અને જૈનમંદિરોને જે લાભ થયા છે તેનું મૂલ્ય આંકી શકાય એમ નથી. પ્રાચીન તીર્થસ્થાનોના સંરક્ષણ માટે આપ હમેશાં જાગૃત રહો છોઃ અને કાંઈ પણ પ્રાચીન સ્થાપત્યનો જીર્ણોદ્ધાર કરવાનો પ્રસંગ આવે છે ત્યારે એની પ્રાચીનતા અને કલાસમૃદ્ધિ જરા પણ ખંડિત ન થાય એ રીતે એ કાર્યમાં આપ જે માર્ગદર્શન કરાવો છો તે એ વિષયની આપની ઊંડી સૂઝ, દીર્ઘદષ્ટિ અને નિપુણતાનું સૂચન કરે છે. રાણકપુર, આબૂ વગેરે સુવિખ્યાત કલાધામોના જીર્ણોદ્ધારનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાર્ય આપની આ વિરલ શક્તિ અને અમૂલ્ય સેવાની સાક્ષી પૂરે છે. અમે આપની આ સેવાઓની પ્રશંસા કરીએ છીએ અને આપને હાર્દિક ધન્યવાદ આપીએ છીએ.

**રાષ્ટ્રપ્રેમી મહાનુભાવ !** આપની કીમતી સેવાઓ જેમ જૈન ધર્મને અને સંઘને હંમેશાં મળતી રહી છે તે જ રીતે સમસ્ત સમાજને અને દેશને પણ મળતી રહી છે. ગુજરાતનું હિત તો સદાકાળ આપને હૈયે વસેલું છે અને જ્યારે જ્યારે ગુજરાતને માથે સંકટ આવી પડયું ત્યારે ત્યારે આપ આપની સેવાઓ આપતા રહ્યા છો. વળી ગુજરાતનો સર્વાંગી ઉત્કર્ષ કેમ થાય એની આપ નિરંતર ચિંતા સેવ્યા કરો છો.

તદ્-ઉપરાંત રાષ્ટ્રના આગેવાન અને દીર્ઘદૃષ્ટિ ધરાવતા ઉદ્યોગપતિઓમાં આપનું સ્થાન ઘણું મોખરે છે. મધ્યસ્થ સરકાર, રાજ્ય સરકાર અને વ્યાપાર ઉદ્યોગની અનેક નાની મોટી સંસ્થાઓ, વ્યાપાર-ઉદ્યોગના દરેક મહત્ત્વના પ્રશ્નમાં આપની સલાહ સૂચનાની અપેક્ષા રાખે છે અને આપનું માર્ગદર્શન હરહંમેશ ખૂબ જ ઉપયોગી થઈ પડે છે. ખાનગી સાહસના ધુરંધર હોવા છતાં જાહેર ક્ષેત્રની અનેક જવાબદારી આપને સરકાર તરફથી સોંપાય છે તે આપની પ્રમાણિકતા અને રાષ્ટ્રીય-ભાવનામાં જે અખૂટ વિશ્વાસ છે તેની પ્રતીતિરૂપ છે.

વિદ્યાપ્રેમી શેઠશ્રી ! ઉપર જણાવ્યું તેમ વ્યાપાર-ઉદ્યોગ સાથે આપનો અતિ ઘનિષ્ટ સંબંધ હોવા છતાં કેળવણી અને વિદ્યાની મહત્તા આપ યથાર્થ રીતે પિછાણી શકયા છો આપે કેળવણીની અનેક સંસ્થાઓ સ્થાપવામાં અને આપણી ઊછરતી પેઢીમાં વિદ્યાનો પ્રચાર કરવામાં મોટા મનથી અને દેશના તમામ નાગરિકોને લાભ મળે તે રીતે લાખો રૂપિયાની ઉદાર સખાવતો કરી છે. ત્રણેક વર્ષ પહેલાં આપે સ્થાપન કરેલ "લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર" ભારતીય સંસ્કૃતિનાં ઉચ્ચ અધ્યયન અને સંશોધનની સંસ્થા દ્વારા ઉચ્ચ કોટીનાં વિદ્વાનો તૈયાર કરવાની આપની ભાવના દીર્ઘદૃષ્ટિનું સૂચન કરે એવી છે. જૈન સાહિત્ય અને સંસ્કૃતિનાં અનેક અંગો ઉપર હજી પ્રકાશ પડવો બાકી છે; તે કાર્ય આ સંસ્થા દ્વારા, અવશ્ય સંપન્ન થશે એવી અમારી શ્રદ્ધા છે. વિદ્યા પ્રત્યેની આપની આવી પ્રીતિની અમે ખૂબ ખૂબ અનુમોદના કરીએ છીએ.

ધર્મપ્રેમી શ્રીમાન ! અત્યારે ધર્મભાવના વિરલ બનતી જાય છે અને વૈભવ-વિલાસની ભાવના વેગ પકડતી જાય છે. તેમાંય શ્રીમંતાઈ સાથે ધર્મભાવનાનો સંયોગ તો અતિ વિરલ બની ગયો છે. આપે આપના જીવનમાં એ યોગ સાધી બતાવીને સૌને માટે એક ઉત્તમ અનુકરણીય દૃષ્ટાંત પૂરું પાડ્યું છે. આપનો આ ધર્મપ્રેમ સૌને માટે અભિનંદનીય બની રહે એવો છે.

જૈન સંઘને આપના જેવા શક્તિશાળી, ભાવનાશીલ અને ધર્મપ્રેમી આગેવાન મળ્યા છે તે એની ખુશનસીબી છે. વર્તમાન જૈન સંઘના ઘડતર અને ચણતરમાં આપનો ફાળો સૌથી વિશેષ અને યશસ્વી છે તેમ કહેવામાં બિલકુલ અતિશયોક્તિ નથી. આપની અનેકવિધ સેવાઓ આ યુગના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે અંકિત થઈ રહે તેવી છે. અમે આપની એ બહુમૂલ્ય સેવાઓને અંતઃકરણપૂર્વક અંજલી આપી આ સન્માનપત્ર આપને અર્પણ કરીએ છીએ અને ધર્મ, સમાજ અને રાષ્ટ્રની વધુ સેવા કરવા માટે આપ સુખ-શાંતિ અને તંદુરસ્તીભર્યું દીર્ઘ આયુષ્ય પામો એવી પરમકૃપાળુ શાસનદેવ પાસે હૃદયપૂર્વક પ્રાર્થના કરીએ છીએ.

શેઠ ડોસાભાઈ અભેચંદ લિ. આપના ગુણાનુરાગી
જૈન મોટા દેરાસર, શ્રી ભાવનગર જૈન શ્વેતામ્બર
ભાવનગર. વિ. સં. ૨૦૧૭ મૂર્તિપૂજક તપાસંઘ
ફાગણ શુદ ૬ : પ્રમુખ :
તા. ૨૦-૨-૧૯૬૧ **શેઠ ભોગીલાલ મગનલાલ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# એ માર્ગે નહિ જાઉં

શ્રી. ગોપાલ ધ્રુવ

નાનો હતો ત્યારે એક વાર ઘરની બહાર રમતાં રમતાં એક અપરિચિત રસ્તે ચડી ગયો. એમ કાંઈ ભય જેવું નહોતું, આજુબાજુ વસ્તી હતી. ઊઘડતા તડકાવાળી સવાર હતી અને જે રસ્તે ચડી ગયો હતો ત્યાં બન્ને બાજુ સરસ મઝાની ઝાડી હતી, પણ હું બેધ્યાનપણે ચાલ્યો જતો હતો ત્યાં અચાનક પગમાં કાંટો વાગી ગયો. બહુ જ પીડા થઈ. ઘેર જેમતેમ કરીને પાછો પહોંચ્યો. કાંટો મા પાસે કઢાવ્યો, પણ એની અણી અંદર રહી ગઈ. એ પાકી ને દોઢ મહિનો ખાટલે સૂવું પડ્યું. એટલો ત્રાસ સહન કરવો પડ્યો કે મનમાં ને મનમાં મેં નક્કી કર્યું: હવે કોઈ દિવસ એ માર્ગે નહિ જાઉં.

પણ ત્યારે મને ખબર નહોતી કે એવો નિર્ણય કરવામાં હું બહુ જ મોટી ભૂલ કરી રહ્યો છું. ત્યારે તો મારા મનને હું સાદી ને સટ વાત સમજાવી દેતો કે–ભાઈ, જે માર્ગે કાંટો વાગે એ માર્ગે જઈને શું કામ છે?

## —તો કોઈપણ માર્ગે કાંટો વાગી શકે

મારાં બા બાપુજીએ કે મોટા ભાઈ–બહેનોએ પણ મારી ભૂલ બતાવી નહિ કે ભાઈ, કાંટો વાગ્યો એ રસ્તાનો નહિ, તારી પોતાની બેદરકારીનો વાંક હતો. તું જરા ધ્યાન રાખીને ચાલ્યો હોત તો કાંટો ન વાગત અને બેધ્યાનપણે ચાલવાથી તો કોઈ પણ માર્ગે કાંટો વાગી શકે.

પછી આ વૃત્તિ ફૂલીફાલી. શાળામાં એક દોસ્ત સાથે મારે સારી મિત્રતા હતી. બધાં અમને જિગર-જાન દોસ્ત ગણતા. એક વાર અમે ફૂટબોલ રમતા હતા. તોફાની કિશોરોનું પૂર્ણ મસ્તીથી ખેલતું ટોળું! એમાં બહુ કાળજી ને સાવધાની ન હોય તેમ યે બને. અને એટલે મારા મિત્રે ફૂટબોલનો દડો જોરથી ફેંક્યો તે અચાનક મારા નાક પર વાગ્યો. નાકમાંથી લોહીની સેર છૂટી. હું ઘડીભર તમ્મર ખાઈને નીચે પડ્યો. મને બરાબર યાદ છે. નીચે પડતાં મારા મનમાં એક વિચાર ઝબકી ગયો હતો કે–ફૂટબોલ રમીએ તો આટલું બધું વાગે ને? આપણે હવે ફુટબોલ રમવું જ નથી.

ને સાચે જ ત્યાર પછી મેં ફૂટબોલ રમવાનું મૂકી દીધું. (હમણાં ટેસ્ટ મેચમાં કોન્ટ્રેક્ટરને નાક પર વાગ્યું, પણ ટાંકા લેવડાવી પાછો તરત એ રમવા માટે હાજર થઈ ગયો એ હકીકત જાણતાં મને મારી વાત વધુ તીવ્રતાથી યાદ આવી ગઈ હતી.) કોઈ મને કહેતું તો હું જવાબ વાળતો એવી રમત શું રમવી, જેમાં નાક ઘવાય ને કદાચ માથું પણ ફૂટે?

## એ રમત ખેલવા જેવી છે

ને અજબ જેવી વાત, કોઈએ મને કહ્યું નહિ કે ભાઈ, જીવન આખું એક રમત છે, તેમાં નાક ઘવાય કે માથું ફૂટે કે જાન જાય, તો પણ એ રમત ખેલવા જેવી છે. મન ભરીને ખેલવા જેવી છે.

મોટો થયો ને લગ્ન કર્યાં, પછી એક દિવસ બહુ જ ઉત્સાહથી મારી પત્ની માટે એક ભેટ છાની રીતે ખરીદી લાવ્યો. મનમાં હતું, જઈને એના હાથમાં આ સાડી મૂકીશ ત્યારે તેના મનમાં ખૂબ વિસ્મય ને આનંદ છલકાશે. મધુર કલ્પના કરતો હું ઘેર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવ્યો ને મારી પત્નીના હાથમાં સાડીનું ખોખું મૂકી ઉત્સુકતાથી તેના ઉદ્દગારો સાંભળવા તલપી રહ્યો. પણ ખોખું ખોલતાં જ તેનું મ્હોં પડી ગયું. જરાક થોભીને તે બોલી: 'તમે ભેટ લાવ્યા એથી મને બહુ જ આનંદ થયો. પણ આ રંગ મને શોભે એવો નથી, એટલે મને એ સાડી સારી નહિ લાગે.

મારું મન એકદમ પાછું પડી ગયું. કેટલા બધા ઉલ્લાસ ને આનંદથી હું ભેટ લઈ આવ્યો હતો! મનમાં થયું, કાંઈ નહિ, ભેટ લાવીએ તો આવું થાય ને! હવે એને જ પૈસા આપીને કહીશ કે જા, તારી મેળે તું ખરીદી કરી આવ. એક તો મહેનત કરીને, વસ્તુ શોધીને લાવવી, ને પાછી એને પસંદ ન પડે!

મારી બુદ્ધિના કોઈ અંશે મને કહ્યું નહિ કે પત્નીની રુચિ પણ મારે જાણવી જોઈતી હતી. એને માટે ભેટ ખરીદતાં પહેલાં, એને શું શોભશે ને શું નહિ શોભે એનો ખ્યાલ કરવો જોઈતો હતો, જેથી ફરી વાર ખરીદવા જતાં યોગ્ય ભેટ લાવી શકાય.

## નકારાત્મક દૃષ્ટિબિંદુ

તો હંમેશ આવું થતું રહ્યું. જ્યાં પણ કંઈક મુશ્કેલી ઊભી થતી, વાંધો પડતો, નુકશાન થતું ત્યાંથી હું મ્હોં ફેરવી લેતો. મને થતું: એ બધી બાબતોમાં ઊતરીએ તો મુશ્કેલી સહેવી પડે ને આપણે એમાં ઊતરવું જ નહિ!

અને ત્યારે હું ભૂલી જતો હતો કે જિંદગી કેવળ સફળતાની સીડી નથી, જ્યાં આસાનીથી એક એક પગથિયાં ચડી જવાના હોય. જિંદગીમાં સુખ, આનંદ ઉલ્લાસ છે તો સાથે મુશ્કેલીઓ, સંકટો, વિટંબણાઓ, આપત્તિઓ, પ્રશ્નો, પણ છે એ મુશ્કેલીઓ સામે ઝૂઝવું જોઈએ. આપત્તિઓમાંથી માર્ગ કાઢવો જોઈએ, પ્રશ્નોનો ઉત્તર મેળવવો જોઈએ, જીવનની બધી પરિસ્થિતિનો સક્રિયપણે સામનો કરવો કરવો જોઈએ. મારામાં તો મેં એક નકારાત્મક દૃષ્ટિબિંદુ કેળવ્યું હતું. જે કાંઈ પ્રતિકૂળ હોય તેનો ત્યાગ કરવાનું દૃષ્ટિબિન્દુ કેળવ્યું હતું.

અને એટલે જીવનની ઘણી મોટી સંપત્તિથી હું વંચિત રહી ગયો. જે કાંઈ મળે તેમ નહોતું તે મેળવવા જેવું નથી એવા કાયર સૂત્રથી મારી જાતને હું સલામત રાખતો થઈ ગયો. મુશ્કેલીમાં હું પેલા કબૂતરની જેમ આંખો બંધ રાખી દેતો ને માનતો કે મુશ્કેલી છે જ નહિ. રણમાં આંધી આવે ત્યારે માહમૃગ જેમ રેતીમાં માથું સંતાડી દઈને માને છે કે આંધી છે જ નહિ, એમ જીવનની મુશ્કેલીઓમાં, વિચારવાનાં, સક્રિય માર્ગો શોધવાના, એમાંથી પાર ઊતરવાના પ્રયાસોનાં દ્વાર વાસીને હું એમ માનતો રહ્યો કે મુશ્કેલી છે જ નહિ.


પણ જીવન એની સામે આવી છોકરમત કેમ સાંખે? મારા સલામતીના દ્વાર તોડીને મુશ્કેલીઓ મારી સામે આવી ઊભી રહી. ત્યારે મને બહુ જ પડી. દરેક વખતે હું મુશ્કેલીથી ભાગી ગયો હતો. મુશ્કેલીને દૂરથી જ ટાળી હતી, પલાયનવાદી બન્યો હતો એટલે જ્યારે ભાગી જવાય તેવું ન રહ્યું ત્યારે મારી સ્થિતિ ઘણી કફોડી થઈ ગઈ ત્યારે જ મને સમજાયું કે કાંટો ન લાગવા દેવો હોય તો કાળજી રાખી, જોઈને ચાલવું, જોડાં પહેરવા એ એનો ઇલાજ છે. 'એ માર્ગે નહિ જાઉં' એમ કહીને તો આપણે આપણી બધી વિધાયક, સર્જનાત્મક શક્તિને હણી નાખીએ છીએ પસંદ ન હોય, અણગમતું હોય, પ્રતિકૂળ હોય એ બધાંની સામે આપણે ઊભા રહેવું ઘટે, એને સમજવાનો, એના સંદર્ભમાં આપણી વૃત્તિઓને, આપણી જાતને સમજવાનો પ્રયાસ કરવો ઘટે. 'મુશ્કેલીઓમાં મને મૂકીશ નહિ' એવી પ્રાર્થના ભગવાનને કરવા કરતાં 'હું મુશ્કેલીમાં મુકાઉં ત્યારે તેમાંથી પાર ઊતરવાની મને હામ આપજે' એવી પ્રાર્થના કરવી ઘટે.

## મૃત્યુ એ જીવનનો સૌથી મોટો પ્રશ્ન

કારણ કે આખરે તો જિંદગી અને મુશ્કેલી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# દશ બાળકો ને બે કુમારિકાઓનું એક વિસ્મયકારક કુટુંબ

એક બહુ વિસ્મયકારક કુટુંબ છે, જેમાં જુદી જુદી જગ્યાએથી આવેલાં દસ બાળકો છે અને એમની સંભાળ લેતી બે કુમારિકાઓ છે, એની આખી વાત આ પ્રમાણે છે.

નવી દિલ્હીની ભાગોળે, કુતુબમિનારને રસ્તે વિશાળ બગીચાવાળુ એક આધુનિક મકાન છે. બાળકોની કાલી બોલી અને મધુર હાસ્યથી તેની દીવાલો ગુંજતી રહે છે. આ બાળકો જુદે જુદે સ્થળેથી આવ્યાં છે. તેમનાં માતાપિતાએ તેમને તજી દીધાં છે, પણ તો યે તેઓ અનાથ નથી.

## શરૂઆત

આ અદ્ભુત વાતનો આરંભ દસ વર્ષ પહેલાં થયેલો. દસ...દસ હજાર માઈલને છેટે આવેલા અમેરિકામાં બે કન્યાઓ નર્સીંગનો અભ્યાસ કરતી હતી, કુમારી જીમ લોન્ગ અને કુમારી જેકી લિચી. ૧૯૫૦માં બન્નેને એકબીજાનો પરિચય ગાઢ મૈત્રીમાં ફેરવાઇ ગયો, કારણ કે, બન્નેને એક બાબતમાં ઊંડો રસ હતો, માંદા અને ઘવાયેલાં બાળકોની સુશ્રૂષા કરવાનો.

નર્સીંગનો અભ્યાસક્રમ પૂરો કરીને તેમણે અમેરિકામાં જ જુદી જુદી ઇસ્પિતાલોમાં કામ કર્યું. પછી અમેરિકાની નર્સો માટેની આંતરરાષ્ટ્રીય કાઉન્સીલ-દ્વારા તેમને અમેરિકાની બહાર જવાની તક મળી. આ સંસ્થા અમેરિકા તથા અન્ય દેશો વચ્ચે નર્સોની આપલેનો કાર્યક્રમ યોજે છે.

## ભારત પર પસંદગી

આ બન્ને બહેનપણીઓએ ભારત આવવાનું પસંદ કર્યું. અહીંથી બે નર્સો અમેરિકા ગઈ ને અમેરિકાથી તે બન્ને અહીં આવ્યાં. ભારતમાં દિલ્હીની વિલિંગ્ડન ઇસ્પિતાલમાં તેમણે નવેક મહિના કામ કર્યું. આ ઇસ્પિતાલમાં જે ત્યજાયેલાં કે માબાપની અનિચ્છાએ જન્મેલાં બાળકો હતાં તેમના પ્રત્યે તેમને વિશેષ સહાનુભૂતિ જન્મી. તેમણે આવાં બાળકોને ઉછેરવાનું કામ જ જીવનભર અપનાવવાનું નક્કી કર્યું: અલબત્ત એમાં મુશ્કેલીઓ હતી. એ માટે ભારત સરકારની રજા જોઇએ, કામ માટે પૈસા જોઇએ, જગ્યા જોઇએ !

---

બન્નેનો સાથ અનિવાર્ય છે. મુશ્કેલી વગરની જિંદગી સંભવી શકે નહિ વળી, ગમે તેટલી સલામતી જાળવવા છતાં યે અકસ્માત તો નિવારી જ શકાતા નથી. હવાઈ જહાજમાં અકસ્માત થાય એ ડરે એમાં મુસાફરી ન કરીએ તો યે ટ્રેઈનમાં પણ અકસ્માત તો થાય જ છે. ને અકસ્માતને ભયે ટ્રેઈનમાં જવાનું ટાળીએ તો પગે ચાલતાં જતાં પણ કોઈ મોટર કે ખટારો આપણી સાથે ટકરાઈ ન પડે એની શી ખાત્રી? અને મૃત્યુ એ જીવનનો સૌથી મોટો પ્રશ્ન છે, જેને અવગણી શકાતો નથી. ગમે તેટલી રક્ષા ને સલામતી વચ્ચે પણ મૃત્યુ એનો માર્ગ કરી લે છે. અને મૃત્યુનો ગમે તેટલો ડર હોય છતાંય કોણ એમ કહી શકે કે 'મરવું પડે એ પીડા એટલી બધી છે કે હું જન્મવાનું જ પસંદ નહિ કરું !'

'જનસંદેશ'માંથી સાભાર ઉધ્ધૃત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



### નાણાંકીય મદદ

શ્રીમતી ઇન્દિરા ગાંધી અને બાળકલ્યાણ માટેની ઇન્ડિયન કાઉન્સિલનાં મંત્રી શ્રીમતી તારા અલી બેગમની મદદથી ૧૯૫૯ના ઓકટોબરમાં ભારત સરકારની રજા મળી. પૈસાની મદદ કુમારી લોન્ગના પિતા ડૉ. લોન્ગ તરફથી મળી. તેઓ પશુપાલનનો ધંધો કરે છે. પોતાની આવકમાંથી અમુક હિસ્સો આ કામ માટે આપવાનું તેમણે નક્કી કર્યું એ માટે એક ફાઉન્ડેશનની સ્થાપના કરી. આ બાળગૃહ શરૂ કરવામાં બીજા કુટુંબો તરફથી પણ મદદ મળી. સંસ્થા પોતે કોઈ દાન સ્વીકારતી નથી, તેને મળતાં બધાં નાણાં ફાઉન્ડેશન મારફત આવે છે.

અને છેવટ ૧૯૫૯ના ડિસેમ્બરમાં, ભારત આવ્યા પછી બરોબર એક વર્ષે કુમારી લિચી અને કુમારી લોન્ગે જૂની દિલ્હીમાં એક મકાન ભાડે રાખી કામની શરૂઆત કરી, ગૃહનું નામ તેમણે રાખ્યું સિગ્નલ્સ હોમ.

### ગૌરવ અને શ્રદ્ધા

ધીમે ધીમે કામ જામતું ગયું. સૌથી પહેલાં દિલ્હીની ઇરવિન ઇસ્પિતાલમાં ત્યજાયેલું એક બાળક આનું પ્રથમ સભ્ય બન્યું. તેનું નામ હતું આનંદ. પછી તો બાળકો ચારે બાજુથી આવવા માંડ્યા. એક વૃંદાવનથી આવ્યું, એક અલાહાબાદથી આવ્યું. સંખ્યા વધી ગઈ એટલે પછી સંસ્થાએ નવી દિલ્હીમાં પોતાનું એક વિશાળ મકાન બંધાવ્યું.

થોડા મહિનાની ઉંમરથી માંડી, ત્રણ વરસની ઉંમરના બાળકો અત્યારે આ ગૃહમાં છે. કુમારી લોન્ગનું કહેવું છે કેઃ આ ગૃહ કાંઈ અનાથ આશ્રમ નથી. અહીં બાળકોને ખોરાક, રહેવાની સગવડ, પ્રેમની હૂંફ, કાળજી ને ઉપરાંત ભાવિ સુખની ખાતરી ને સલામતી મળી રહે છે. આ બાળકોને કોઈ દંપતી આવીને દત્તક લઈ જાય એવી રાહ અમે જોતાં નથી. આ દશ બાળકોનું તો અમારૂં કુટુંબ છે. તેઓ પુખ્ત વયનાં થાય ત્યાં સુધી અમે તેમને સાચવીશું. ને શિક્ષણ આપીશું. ભારત ઝડપથી પ્રગતિ કરી રહ્યું છે અને આ બાળકો મોટાં થશે ત્યારે દેશને તેમના જરૂર પડશે.'

### જીવનનો આનંદ

"તમે તમારૂં કુટુંબ, માતૃભૂમિ વગેરે છોડી દુનિયાને બીજે છેડે અનાથ બાળકોની સંભાળ લેવા આવ્યા છો, તો એમાં તમને શો બદલો મળે છે?" કોઈએ પૂછેલું. અને ત્યારે કુમારી લિચીએ સ્મિત કરીને ઉત્તર આપ્યો હતો:

'બાળકોને સુખી, તંદુરસ્ત અને સલામત જોવાં એ અમારા જીવનનો મુખ્ય આનંદ છે. અમે અહીં ખૂબ સુખી છીએ.'

'જન સંદેશ'માંથી સાભાર ઉધ્ધૃત

# પ્રભુ પ્રીત

લેખક :—બાપુલાલ કાલિદાસ સંઘાણી વીરબાલ મોરવાડા

પ્રીત સનાતન લાગી તુંથી પલ મન ના દૂર જાયે તુંથી...૧
જનમ જનમનું સમણું ફળીયું દિલ આવી તુજ ચરણે હળીયું...૨
તુજ હાસ્યે હાસ્ય લસે ઉરમાં તુજ સ્પંદનનાં ક્રીડન અમમાં...૩
મુજ ખાનપાનને વિહરનમાં તુજ ગુંજન ઉંઘ ને જાગનમાં...૪
ધન ધામ કશી નહિ ભેટ ખપે! તુજ આતમમાં મુજ આત્મ લપે!...૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમાચાર

**ભાવનગર (૧)** સ્વ. શેઠ હીરાલાલ અમૃતલાલભાઈએ પોનાના પિતાશ્રી અને માતુશ્રીના નામથી 'અમૃત નિવાસ' અને 'જડાવ નિવાસ' નામના બે આરોગ્ય નિવાસ બનાવીને શ્રી સંઘને કરવાનો સમારંભ શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈના શુભ હસ્તે તા. ૨૦-૨-૬૧ ના રોજ કરવામાં આવ્યો હતો. સમારંભનું પ્રમુખસ્થાન શેઠ શ્રી ભોગીલાલ મગનલાલે સ્વીકાર્યું હતું.

શરૂઆતમાં પ્રો. ખીમચંદભાઈએ નિવાસ ગૃહની પૂર્વ ભૂમિકા સમજાવી શેઠશ્રી હીરાભાઈનો જીવન પરિચય આપ્યો હતો. ત્યાર બાદ શ્રી પરમાણુંદભાઈએ પણ શ્રી હીરાભાઈનો પરિચય આપ્યો હતો ત્યાર બાદ ભાવનગર મ્યુનિ. ના પ્રમુખશ્રી ગંગાદાસભાઈ બે શબ્દો કહ્યા હતા. તે પછી શેઠ શ્રી ભોગીલાલભાઈએ શ્રી કસ્તુરભાઈને આ વિધિ કરવા વિનંતી કરી હતી.

તે પછી શેઠ શ્રી એ ઉદ્ઘાટન વિધિ કરતા કહ્યું હતું કે આ સ્વ. શ્રી હીરાલાલભાઈના માતા પિતાના નામથી બંધાયેલ આરોગ્ય નિવાસનું ઉદ્ઘાટન થયેલ હું જાહેર કરૂં છું તે પછી શેઠ શ્રી હીરાલાલના જીવનમાંના પ્રસંગો વર્ણવી શેઠશ્રીએ તેમના પ્રત્યે માનની લાગણી દર્શાવી હતી અને આ પ્રસંગે તેમના કુટુમ્બીઓનો તથા સૌનો આભારમાન્યો હતો.

(૨) શ્રી ભાવનગર જૈ. શ્વે. મૂ સંઘ તરફથી તા. ૧૧-૨-૬૧ ના રોજ શ્રી ધર્મવિજયની નિશ્રામાં શેઠ શ્રી ભોગીભાઈના પ્રમુખસ્થાને શ્રી ચંદુલાલ વર્ધમાન શાહના હસ્તે વડવા જૈન ઉપાશ્રયની ઉદ્ઘાટન વિધિ કરવામાં આવી હતી.

આ પ્રસંગે શ્રી ધર્મવિજયજી મહારાજે મંગળ પ્રવચન કર્યા બાદ સંઘના મંત્રીશ્રી ગુલાબચંદભાઈ, શ્રી મનુભાઈ કાપડીઆ, શ્રી લીલાવતીબેન તથા અન્ય વક્તાઓએ પ્રસંગોચિત પ્રવચનો કર્યા હતા.

એપ્રીલની પંદરમી તારીખે 'મહાવીર જન્મ કલ્યાણક' અંક બહાર પડશે તો ભ૦ મહાવીરના જીવન સબંધી કાવ્યો, લેખો, વાર્તાઓ, ઐતિહાસિક નોંધ વગેરે તા. ૧લી એપ્રીલ પહેલા લખી મોકલવા સૌ લેખકોને નમ્ર વિનંતિ.

પ્રકાશન સમિતિ
આત્માનંદપ્રકાશ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. N. B. 431.

## ભાવનગર જૈન સંઘ તરફથી સન્માન પત્રનો શેઠ શ્રી કસ્તુરભાઇએ આપેલ

# પ્રત્યુત્તરનો સારભાગ

“ભાવનગર આવતા મારું જે સન્માન કર્યું છે તે માટે હું અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

અમદાવાદ તેમજ મુંબઈના જૈન સંઘો જેમ ભાવનગરના સંઘની પણ વિશિષ્ટતા છે. ભાવનગરનો સંઘ વર્ષોથી નિષ્ઠાપૂર્વક અનોખી રીતે કામ કરી રહ્યો છે. ભાવનગરનો વર્ષોથી પોતાની એકતા જાળવી રાખવા સફળ થયો છે તે માટે અભિનંદન.

આપણે જૈન હોવાનો દાવો કરીએ છીએ, પણ જૈન શું કહેવાય તે જાણતા નથી. આપણી સંસ્કૃતિ આજ સુધી અસ્ખલિત રહી છે તે તેના ત્રણ સાધનો—સાધુ, સાધ્વી ને પુસ્તકભંડારો—ને આભારી છે. આજે પ્રાચીન સાહિત્ય જેટલું જૈનો પાસે છે તેટલું કોઈ પાસે નથી. તે માટે આપણે ગૌરવ લેવું જોઈએ. પણ આપણને તો તેની પડી નથી.

હું હિન્દના જુદા જુદા ભાગોમાં ફર્યો છું અને મંગરૂરીથી કહું છું કે જૈન શ્વેતામ્બર મંદિરને જે રીતે સચવાયા છે તેવા બીજે ક્યાંય સચવાયા નથી. આપણા ધર્મમાં દેવ દ્રવ્યની વ્યવસ્થા એવી છે કે આ રકમ બીજે વાપરી શકાતી નથી, જેથી કળા અને પ્રાચીનતા ટકી રહી છે. જૈન સંસ્કૃતિ વધુ વિકસે તેમ માનતા હો તો આગેવાનો તથા સાધુ સાધ્વીજીઓએ વિચારવું જોઈએ.

આપણે ક્રિયાકાંડ અને અનુષ્ઠાનોમાં પડી ગયા છીએ તે ઠીક છે પણ આ બધું સમજીને કરવામાં આવે તે ઇષ્ટ છે. આત્માને ઉંચે લઈ જવા આ ક્રિયાને અનુષ્ઠાનો છે. આપણે દેરાસરમાં જઈએ છીએ, પણ મંદિર કેવી સ્થિતિમાં છે તે જોતા નથી. હાલમાં આપણે નવા મંદિરો તથ્તી મંદિરોમાં નવા નવા પટ્ટો વગેરેમાં નામની સાથો સાથ કીર્તિ માટે રૂપિઆ આપીએ છીએ. પણ આ પ્રથા ઠીક નથી. શેઠ આ. ક. ની પેઢીએ ઠરાવ કર્યો છે કે જીર્ણોદ્ધારમાં નામ લખાવવા વાળાની ભાવનાને પ્રોત્સાહન આપવું નહિ. ખોટી રીતે લાખો રૂપીઆ ખર્ચી નાખીએ તે પણ વ્યાજબી નથી. કેટલાક ગામોમાં વસ્તીના પ્રમાણમાં એક મંદિર હોય છતાં બીજા મંદિરો કીર્તિ અને નામના માટે થાય તે વ્યાજબી નથી.

આપણા ભંડારમાં અનેક પ્રાચીન અને ઉપયોગી પુસ્તકો છે તેનો ઉપયોગ કરવાને બદલે તાળાકુંચી લગાવી બેસી રહ્યા છીએ તેનું કારણ સમજાતું નથી

જૈનોની સ્થિતિ બદલાતી રહી છે. ઉન્નતિ હતી તે રહી નથી આ સ્થિતિ સુધારવા જૈન શ્વે. કોન્ફરન્સ તરફથી પ્રયાસો થાય છે. આજે સરકાર પૈસા આપે છે એટલે નાનાં મોટા ઉદ્યોગ કરવામાં અનુકૂળતા આવી છે, તો આશા રાખું છું કે આપણે તેનો ઉપયોગ કરીએ. અંતમાં સન્માન કરવા માટે હું સંઘનો આભાર માનું છું.

**શેઠ શ્રી કસ્તુરભાઇ** આપણી જૈન **આત્માનંદ** સભાના પેટ્રન છે.

પ્રકાશક : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી જૈન આત્માનંદ સભાવતી
મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ : : આનન્દ પ્રીન્ટીંગ પ્રેસ-ભાવનગર.

For Private And Personal Use Only